❖ **વિષય પસંદગીનું કારણ :** વિદ્યાર્થીઓની મુશ્કેલી ઓળખવા માટે, ઘણા વિદ્યાર્થીઓ ક્યાં ખામી અનુભવે છે તે જાણવા માટે વિષયની પસંદગી કરી,શૈક્ષણિક ગુણવત્તા સુધારવા,કેવી રીતે વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારનાં નકશાનાં પ્રકારથી પરિચિત થાય તેમજવિવિધજટિલમાહિતી મેળવતા થાય જેમકે સ્થળો, પાકો, ખનિજો વગેરે,વિષય પ્રત્યે આકર્ષણ વધારવા ધ્યાને રાખીને કરવામાં આવી છે.

❖ **સંશોધન માટે કયા નમૂના ની પસંદગી કરી :** સંશોધન માટે નારાયણ વિદ્યાલય શાળાના ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ જેવો હમણાં ધો. ૧૦ માં અભ્યાસ કરે છે તેમાંથી ૫૦ વિદ્યાર્થીઓની પસંદગી કરી

સમસ્યાનાં સંભવિત કારણો: વિદ્યાર્થીઓને નકશા વિશે માહિતી ન હોય,વિદ્યાર્થીઓને નકશાપૂર્તિનું કામ બરાબર સોંપવામાં નઆવતું હોય, વિદ્યાર્થીઓને નકશાનાં પ્રકાર અને સંજ્ઞાનું પૂરું જ્ઞાન ન હોય,વિદ્યાર્થીઓને નકશાનાં ઉપયોગ ક્યાં ક્યાં અને કેમ તે વિશે પૂરતી માહિતી ન હોય,શિક્ષક નકશાને આકર્ષક રીતે રજૂ ન કરતા હોય,નકશાની માહિતી ખૂબ જ નાના આકારમાં હોય.

❖ **પ્રાયોગિક રૂપરેખા :** વિદ્યાર્થીઓને નકશા વિશે માહિતિ આપવામાં આવી, વિદ્યાર્થીઓને રાજકીય અને પ્રાકૃતિક નકશાની માહિતી આપવામાં આવી,વિદ્યાર્થીઓને સંજ્ઞાની માહિતી આપવામાં આવી, વિદ્યાર્થીઓને નકશાની / નકશાપૂર્તિનું કામ સોંપવામાં આવ્યું.

❖ **સંશોધન પદ્ધતિ :** આ પ્રકારના સંશોધનમાં વિશ્લેષણ પદ્ધતિ નો ઉપયોગ કર્યો છે

❖ **સંશોધન પ્રક્રિયાનો વર્ણન :** સૌપ્રથમ સમસ્યા ની પસંદગી માટે નિરીક્ષણ કર્યું ભૌગોલિક પરિસ્થિતિનો પરિચય વિશેની પ્રશ્નોત્તરી ભારતનાં ખેત ઉત્પાદનો અને તે એ જગ્યાએ તે પાક થવાના કારણોની ચકાસણી નકશા નિદર્શન કરાવવામાં આવ્યું ત્યારે જાણવા મળ્યું કે બધાજ વિદ્યાર્થીઓ સ્થળ દર્શાવવામાં ભૂલો કરે છે પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવા માટે ઉપચારાત્મક શિક્ષણ પદ્ધતિનો ઉપયોગ કર્યો જેમાં વિદ્યાર્થીઓને નકશા વિશે માહિતિ આપવામાં આવી. વિદ્યાર્થીઓને રાજકીય અને પ્રાકૃતિક નકશાની માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને સંજ્ઞાની માહિતી આપવામાં આવી. વિદ્યાર્થીઓને નકશાની / નકશાપૂર્તિનું કામ સોંપવામાં આવ્યું. વિદ્યાર્થીઓને સમજણ ન હતી તેવા એકમોનું પુનરાવર્તન કરાયું અને વ્યક્તિગત વિદ્યાર્થીઓને સમજૂતી આપી.

❖ **માહિતીનું એકત્રીકરણ :** માહિતીના એકત્રીકરણ કરવા માટે શાળાના ધો. ૧૦ના વિદ્યાર્થીઓ નકશાપૂર્તિ કરાવવામાં આવી.

❖ **માહિતીનુંપૃથક્કરણ :** વિદ્યાર્થીઓ સાથેની પ્રશ્નોત્તરી ચર્ચા રૂપ સંજ્ઞાઓ વિશેનો પરિચય.ભૌગોલિક પરિસ્થિતિનો પરિચય વિશેની પ્રશ્નોત્તરી,ભારતનાં ખેત ઉત્પાદનો અને તે એ જગ્યાએ તે પાક થવાના કારણોની ચકાસણી,વિદ્યાર્થીઓને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓ અને ઉદાસીનતા,

❖ **તારણો અને પરિણામ :** વિદ્યાર્થીઓ નકશા વિશે માહિતી મેળવતા થયા,શિક્ષકે વ્યક્તિગત ધ્યાન આપી વિદ્યાર્થીઓને રસ લેવા જાગૃત કર્યા, વિદ્યાર્થીઓ ભૌગોલિક પરિસ્થિતિ સમજી શક્યા,નકશા પર સ્થળ નિર્દેશ કરતા થયા, વાંચનની દિશાઓ વિશે પરિચિત થયાં, રૂપસંજ્ઞાની સમજ મેળવતા થયાં.

❖ **અનુકાર્ય :** શિક્ષક જે-તે પ્રદેશમાં બનતી ઘટનાઓને સાંકળીને શિક્ષણ કાર્ય કરશે, શિક્ષણકાર્ય વખતે નકશા પર સ્થળનિર્દેશ કરીને જે ભૌગોલિક માહિતી અપાશે, એકમના અંતે શિક્ષક કાર્ય દરમ્યાન વારંવાર નકશાપૂર્તિનો મહાવરો સમજ સાથે કરાવશે,વર્ગખંડમાંવિવિધ નકશા જેવા કે ભારતની નદીઓ, પાક, જમીન, ઉદ્યોગ, ખેતી વારંવાર સમજ સાથે અધ્યયન કરાવશે.

---



# વિષય : શૈક્ષણિક ક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત સરકાર અને ભારત સરકારના બજેટનો તુલનાત્મક અભ્યાસ.

**જલ્પા યુ. પટેલ**
(હેડ કલાર્ક)

બજેટ એ કોઇ પણ સરકાર, સંસ્થા કે શાળામાટે નાણાકીય આયોજનનો મુખ્ય દસ્તાવેજ છે. જેના આધારે નક્કી કરવામાં આવે છે કે કેટલી આવક થશે અને કેટલાં ખર્ચ કરવામાં આવશે. અને કયા ક્ષેત્રો માટે Resources ફાળવવામાં આવશે. શૈક્ષણિક અને ઔદ્યોગિક ક્ષેત્રમાં બજેટ વિશેષ મહત્ત્વ ધરાવે છે. શિક્ષણમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સાધનો, શિક્ષકોના વેતન અને શાળાના ઈન્ફ્રાસ્ટ્રકચર માટે કેટલા રૂપિયા ફાળવવા સાથે ગુણવત્તાવાળું શિક્ષણ અને તાલીમ માટે પણ બજેટનું મહત્ત્વ ઘણું છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ બજેટ વિશેષ મહત્ત્વ ધરાવે છે કેમકે, દેશ અને રાજયના માનવ સંશાધન, અર્થતંત્ર અને વિકાસ માટે આધારરૂપ છે.